## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

પહેલા હર ઘર દંગા હતા... હવે હર ઘર તિરંગા... વાળુ સારૂ લાગે છે...!!

ગુજરાત કપ રોલર એથલેટિક્સ એસોસિયેશન દ્વારા અમદાવાદ ખાતે તા. ૩૦.૦૭.૨૦૨૩ યોજાયેલ રાજ્યકક્ષાની સ્કેટિંગ સ્પર્ધા માં ગાંધીનગરના કો વસીમભાઈના માર્ગ દર્શન હેઠળ હીર ઠાકુર, ધારિકા દવે, કાવ્યા અમિતભાઈ પટેલ, ધ્યાન અમિતભાઈ પટેલ, દેવનંદના અભિષેક, કાવ્યા અશ્વિનભાઈ પટેલ, ધ્વજા પટેલ અને નાયરા એ ભાગ લઈ ને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીતી ને ગાંધીનગરનું નામ રોશન કરેલ છે.

## ભારતની આઝાદીના ૭૭મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે 'ધ્વજવંદન' કાર્યક્રમ

ભારતની આઝાદીના ૭૭માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ડૉ.શ્રી હેડગેવાર સ્મારક સેવા સમિતિ,ગાંધીનગર અંતર્ગત ભાઈ -બહેનો, બાળકો દ્વારા આજે સેકટર -૨૩ ખાતે ભવ્ય ધ્વજ વંદન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઈજીજી ગુજરાતના પ્રાંત સંઘ ચાલક ડૉ. ભરતભાઈ પટેલ હસ્તે તિરંગો લહેરાવીને સલામી આપી ભારતની આઝાદીમાં મહત્વનું બલિદાન આપનાર શહીદો અને સ્વાતંત્ર્ય સેનાનીઓ યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ કાર્યક્રમમાં સરસ્વતી શિશુ મંદિર, ગાંધીનગરના બાળ વિદ્યાર્થી દ્વારા દેશ ભક્તિના ગીતો,નાટક, સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્મો રજૂ કરાયા હતા.

### જય અંબે પરિવાર ટ્રસ્ટ-ગાંધીનગરની

## અંબાજીની ૩૫મી પદયાત્રા

જય અંબે પરિવાર ટ્રસ્ટ - ગાંધીનગરની અંબાજીની ૩૫ મી પદયાત્રા તા.૧૯/૯/૨૩ થી તા.૨૫/૯/૨૩ દરમિયાન યોજાશે. જેના ફોર્મ તા.૧૦/૯/૨૩ સુધીમાં સવારે ૮.૩૦ થી ૧૦.૦૦ કલાક અને સાંજે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન પરિવારના કાર્યાલય પ્લોટ નં.૯૭૬/૨, સેક્ટર-૧૩/બી, ગાંધીનગર ખાતે સ્વીકારવામાં આવશે. નિર્ધારિત સંખ્યા થઈ ગયા પછી ફોર્મ સ્વીકારવાનું બંધ કરવામાં આવશે. એમ જય અંબે પરિવારના પ્રમુખ શ્રી લલિત પટેલ જણાવે છે.

## મગોડી હાઈસ્કૂલમાં સોલાર સિસ્ટમનું દાન પ્રાપ્ત થયું..

પી.આર. ઠક્કરવિદ્યાવિહારમાં મગોડીના વતની અને હાલ અમેરિકામાં સ્થાયી થયેલ સ્વ.સવિતાબા અને કનુભાઈ પટેલના સુપુત્ર આદરણીય શ્રી તુષારભાઈ પટેલ દ્વારા સોલાર સિસ્ટમ માટે રુ.૫.૨૫ લાખનું માતબર દાન મળેલું ,જેના દ્વારા આજરોજ પી. આર. ઠક્કરવિદ્યાવિહારમાં ૧૦૫ ની સોલાર સિસ્ટમ ફીટ કરવામાં આવી જે બદલ શ્રી કેળવણી મંડળ,સમગ્ર શાળા પરિવાર અને મગોડી ગામ શ્રી તુષારભાઈ પટેલનો હૃદય પૂર્વકનો આભાર વ્યક્ત કરે છે.આ ઉપરાંત શ્રી તુષારભાઈ પટેલ ના વડીલબંધુ આદરણીય રજનીભાઈ પટેલ દ્વારા પણ સંસ્થાને અવારનવાર સતત દાન મળતુ જ રહે છે તેમનો પણ સહૃદય આભાર વ્યક્ત કરવામાં આવે છે.

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૬ ગાંધીનગર દ્વારા શિવ આરાધના પૂજા પાઠનું આયોજન

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૬ ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ દરમ્યાન દરરોજ રાત્રે ૯ થી ૧૦ દરમ્યાન શિવ આરાધના પૂજા પાઠનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં તા. ૧૭ઓગષ્ટ-૨૦૨૩-ગુરૂવારે મહેશભાઈ પુરોહિત, પ્લોટ નં. ૬૬૬/૧ કિસાનનગર, તા. ૧૮ ઓગષ્ટ-૨૦૨૩-શુક્રવાર - શ્રીમતિ હંસાબેન ભરતભાઈ ભટ્ટ - ૪૩૨/૧, કિસાનનગર, તા. ૧૯-ઓગષ્ટ-૨૦૨૩ - શનિવાર - અનિલકુમાર એન. જાની - ડી-૧૬ - ગ્રીનસીટી, તા. ૨૦ ઓગષ્ટ-૨૦૨૩ - રવિવાર - જીગ્નેશભાઈ જોષી - ૪૪૪/૧, કિસાનગર, તા. ૨૧-ઓગષ્ટ-૨૦૨૩-સોમવાર - હિતેષકુમાર જે. પંડ્યા - એન.૧૨૫ - ગ્રીનસીટી, તા. ૨૨-ઓગષ્ટ-૨૦૨૩ - મંગળવાર - ચીનુભાઈ ઠાકર - ૫૦૬/૨ - કિસાનગર

# એમ્બ્યુલન્સની આડમાં દારૂનો વેપલો

## છાલા પાસે હોટલના પાર્કિંગમાં એમ્બ્યુલન્સમાંથી ૧૩ પેટી વિદેશી દારૂ મળી આવ્યો

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત રાજયમાં દારૂબંધી માત્ર કાગળ પર છે. આસપાસના રાજયમાંથી ઢગલાબંધ દારૂ ગુજરાતમાં ઠલવાય છે. ત્યારે પોલીસ અને બુટલેગર અવનવા કિમીયા કરતા હોય છે. ત્યારે રાજસ્થાન પાર્સિંગની એમ્બ્યુલન્સમાંથી દર્દીની જગ્યાએ સ્ટ્રેચર પરથી દારૂની ઢગલાબંધ બોટલ મળી આવી હતી. ચિલોડા હિંમતનગર માર્ગ પર છાલા નજીક ઉદેપુર ઢાબા પાસે કાર બિનવારસી હાલતમાં પડી હતી. પોલીસે દારૂ અને એમ્બ્યુલન્સ મળી કુલ રૂ.૪.૬૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતીવિગત મુજબ ચિલોડા-હિંમતનગર માર્ગ પર આવેલી કન્ના માતાજી હોટલ ઉદયપુર ઢાબા નજીક બિનવારસી એમ્બુયલન્સમાંથી રૂ.૬૮ હજરાનો વિદેશી દારૂ મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. બુટલેગરે પોલીસાથી બચવા માટે એમ્બ્યુલન્સમાં સ્ટ્રેચર પર દર્દીના જગ્યાએ ૧૩ પેટી ગોઠવી સફેદ કપડુ ઢાકવામાં આવ્યું હતું. જો કેટલાય સમયથી દારૂની હેરાફેરની ચાલી રહી હતી. જો કે પોલીસને જાણ થતા વિદેશી દારૂ નો જથ્થો ઝડપી પાડ્યો હતો. ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વાસમ શેટ્ટી રવિતેજા વાસમશેટ્ટી દ્વારા ૧૫ મી ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસ નિમિતે હોટલ- ઢાબાઓ પર સઘન

ચેકીંગની સુચના આપી હતી. જે અન્વયે ચિલોડા પોલીસ મથકના પીઆઈ એ.એસ. અસારીની ટીમ વિવિધ ખાનગી વાહનોમાં હોટલ ઢાબામાં ચેકીંગ અર્થે નીકળી હતી. ત્યારે ચિલોડા-હિંમતનગર હાઈ વે માર્ગ પર કન્ના માતાજી મંદિર-ઉદેપુર ઢાબા ખાતે પોલીસ પહોંચી હતી. જ્યાં ખુલ્લી જગ્યામાં કેટલાક વાહનો પાર્ક કરેલા ઉભા રહેલા હતા. પોલીસે તમામ વાહન ચેક કર્યા હતા. પરંતુ વાહનોમાંથી કોઈ શંકાસ્પદ ચીજવસ્તુઓ મલી આવી નથી. જેથી પોલીસની નજર એમ્બ્યુલન્સ પર પડી હતી. એમ્બ્યુલન્સ પાસે પહોંચી અંદર થી ચેક કરતા કોઈ દર્દી કે ડ્રાઈવર મળ્યા નથી. એમ્બ્યુલન્સમાં સ્ટ્રેચર પર કપડું ઢાંકેલ જોવા મળ્યું હતું. પોલીસે ડ્રાઈવર સાઈડનો દરવાજો પાના પકકડથી ખોલી બાકીના દરવાજા અંદર જઈ ખોલી નાંખ્યા હતા. પોલીસે સ્ટ્રેચરમાં વિદેશી દારૂની૧૩ પેટી મળી આવી હતી. પોલીસે રૂ.૬૮ હજારની કિંમતનો ૧૫૬ બોટલ દારૂ, સહિત પોલીસે રૂ.૪.૬૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

૧૯૭૧ના પાકિસ્તાન સામેના યુધ્ધમાં ભારતીય સેનાના વીર જવાન તરીકે ભાગ લેનાર ગાંધીનગર જિલ્લાના અલુવા ગામના અમરસિંહ રાઠોડની મુલાકાત પેથાપુર ખાતે તા.૧૫મી ઓગસ્ટના રોજ ભાજપ પરિવાર દ્વારા લેવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ, વોર્ડ-૨ના પ્રમુખ જયદીપસિંહ વાઘેલા, નગરપાલિકાના પૂર્વ ચેરમેન દીલીપસિંહ વાઘેલા, યુવા મોરચાના મહાવીરસિંહ અને અગ્રણી કાર્યકરો ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે ટીમ ભાજપ દ્વારા અમરસિંહ રાઠોડનું આદરપૂર્વક અભિવાદન કરવામાં આવ્યું હતું.

## સિવિલ ખાતે સ્વાતંત્ર પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર સિવિલ ખાતે પણ સ્વતંત્રતા દિવસની ઉજવણી ધામધુમથી કરવામાં આવી હતી. સિવિલના સુપ્રિટેન્ડન્ટ ડો. નિયતિબેન લાખાણી સહિત કર્મચારીઓ મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જીઈબી ગેટની સામે બનેવી પર સાળાનો છરી વડે હુમલો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જીઈબી ગેટની સામે હોટલે બેઠેલા યુવાન પર તેના સાળાએ હુમલો કર્યો હતો. બહેને પ્રેમલગ્ન કર્યા હોવાથી ભાઈએ બનેવીને ગાળાગાળી કરી તારે અહી નહી આવવાનું કહીને માથાકુટ કરી હતી. ત્યારે ઝપાઝપી દરમિયાન સાળાએ બનેવીને છરી મારી દેતા ઈજા પહોંચતા તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. જેથી પતિ પર હુમલો થતા પત્નીએ તેના ભાઈ સામે ફરીયાદ નોંધાવી છે. મળતી વિગત મુજબ શહેરના પેથાપુર ખાતે રહેતા તનુબીબી સમિરમીયા શેખ ગતરોજ ઘરે હાજર હતા. ત્યારે પતિના શેઠનો ફોન આવતા તેઓ પાવર હાઉસ ગયા હતા. ત્યારબાદ સાસુ સલમાબાનુના મોબાઈલમાં પતિના મિત્રનો ફોન આવતા સમીરને સાવન સાથે ઝઘડો થયો હોવાથી ૧૦૮ માં ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હોવાની કહી હતી. જેથી તનુબીબી પરિવાર સાથે સિવિલ હોસ્પિટલ દોડી ગઈ હતી. બનાવ અંગે પુછતા સમીર શેખે જણાવ્યુ હતું કે તેઓ જીઈબી ગેટની સામે હોટલ પર રાત્રીના આઠ વાગે બેઠા હતા.તે સમયે તનુબીબીના ભાઈ સાવને કહ્યુ કેતમે મારી બેન સાથે ભાગીને પ્રેમલગ્ન કર્યા હોવાથી અહી આવવાનું નહી અને ગાળો બોલવા લાગ્યો હતો. જેથી સમીરે ગાળો બોલવાની ના પાડતા તે ઉશ્કેરાઈ ગયો હતો. ત્યારબાદ તેણે સમીરને ગડદાપાટુનો માર માર્યો હતો. જયારે ખિસ્સામાંથી છરી કાઢી સમીરના પાછળના બંન્ને થાપાના ભાગે છરી મારી દેતા હોહા મચી ગઈ હતી. હોબાળો થતા આસપાસના નાગરીકો દોડી આવ્યા હતા. જેથી સાવન જાનથી મારી નાંખીશની ધમકી આપી જતો રહ્યો હતો. ત્યારે ઈજાગ્રસ્ત સમીર શેખની પત્ની તનુબીબીએ ભાઈ સાવન કિશન ભીલ સામે ફરીયાદ નોંધાવી છે.

## બોરીજ નવા પરા ખાતે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના બોરીજ ખાતે નવા પરા બોરીજ સરકારી પ્રા. શાળામાં સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના અધ્યક્ષ વાઘાજી ઠાકોર તથા શાળા પરિવારની હાજરીમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણીમાં 'મેરી મિટ્ટી, મેરા દેશ' અભિયાન અંતર્ગત હાથમાં માટી લઈને પંચ પ્રણ શપથ લેવામાં આવ્યાં હતા.

સે. ૨૪માં રંગમંચ ખાતે ચાલી રહેલા યોગ વર્ગમાં યોગાર્થીઓ દ્વારા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં યોગાર્થીઓ પરિવાર

ગાંધીનગર ખાતે યોજાનાર જી-૨૦ આરોગ્યમંત્રીઓની બેઠકને અનુલક્ષીને હોટેલ લીલા ખાતે કેન્દ્રિય આરોગ્ય સચિવ લવ અગ્રવાલ અને આયુષ સચિવ રાજેશ કોટેચાએ પ્રેસ કોન્ફરન્સ યોજીને પત્રકારોને માહિતી આપી હતી.

## કુડાસણની સ્કિમમાં મોર્ગેજ ફલેટ પધરાવી મહિલા સાથે રૂ.૪૨.૭૫ લાખની છેતરપિંડી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર કુડાસણ સ્થિત એક સ્કિમમાં મહિલાએ રૂ.૪૨.૭૫ લાખમાં ફલેટ વેચાણ રાખ્યો હતો. ફલેટ માલિકે દસ્તાવેજ પણ કરી આપ્યો હતો અને ફલેટ અન્ય કોઈ વ્યકિત, સંસ્થા કે બેંક કે ફાઈનાન્સ કંપનીને વેચાણ આપેલ નથી કે લોન કે ગીરો પણ મુક્યો નથી તેવો વિશ્વાસ આપ્યો હતો. પરંતુ મોર્ગેજ લોનની જાણ કર્યા વિના મહિલાને ફલેટ બારોબાર વેચી દેતા નોટીસ આવતા સમગ્ર કૌંભાડ સામે આવ્યું હતું. ત્યારે લોન ભરપાઈ નહી કરીને છેતરપીંડી આચરતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ છેલ્લા દોઢ વર્ષથી સેકટર-૨માં પોતાના ભાઈના ઘરે રહેતા મુળ રાજકોટના ૫૩ વર્ષિય મહિલા ભગવતીબેન કિરીટભાઈ મકવાણા વર્ષ ૨૦૧૩ થી વિધવા જીવન ગુજારે છે. તેઓને ગાંધીનગરમાં કાયમી વસવાટ કરવાનો હોવાથી વર્ષ ૨૦૧૯માં કુડાસણ વિસ્તારમાં ફલેટની શોધખોળ કરી રહ્યા હતા. તે સમય દરમિયાન તેમનો સંપર્ક મકાન લે વેચનો ધંધો કરતા વિજય હરેશ વાળંદ સાથે થયો હતો. મહિલાએ નોંધાવેલી ફરીયાદ મુજબ વિજય વાળંદે કુડાસણ ખાતે આવેલી સ્કિમમાં ફલેટ બતાવી તેના માલિક અમરભાઈ માનવંત પટેલ હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ફલેટ પસંદ પડતા ભગવતીબેન તેમના સંતાનો અને ભાઈએ ફલેટ માલિક સાથે બેઠક કરવાની વાત કરી હતી. જેથી દલાલ વિજય વાળંદે કહ્યું કે આ ફલેટ ઓન પેપર રેકર્ડ પર અમર પટેલના નામે છે. પરંતુ હકીકતમાં અમર પટેલ અને રાજેશ ઠકકરની સંયુકત માલિકીનો ફલેટ છે. જેથી ફલેટની કિંમત બંન્ને જણા નક્કી કરશે. ત્યારબાદ બધાએ અમર પટેલના ઘરે બેઠક કરી હતી અને રાજેશ ઠકકર સાથે નક્કી રૂ.૪૨.૭૫ લાખમાં ફલેટની ડીલ થઈ હતી. ત્યારે બાના પેટે રૂ.૧લાખ રોકડા પણ આપી દીધા હતા.તે સમયે રાજેશ ઠકકરે વિશ્વાસ આપ્યો હતો કે ફલેટ અન્ય કોઈ વ્યકિત, સંસ્થા, બેંક કે ફાઈનાન્સ કંપનીને વેચાણ આપ્યો નથી અને લોન કે ગીરો પણ મુક્યો નથી. જેથી ભગવતી બેને નક્કી થયા પ્રમાણે રૂ.૪૨.૭૫ લાખ આપી દીધા હતા. જેથી અમર પટેલે વર્ષ ૨૦૨૦માં ફલેટનો ગાંધીનગર સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે વેચાણ દસ્તાવેજ ભગવતી બેનના નામે કરી આપ્યો હતો. જેથી ભગવતીબેને ફલેટ ભાડે આપી દીધો હતો. ત્યારે વર્ષ ૨૦૨૨માં બજાજ ફાઈનાન્સ માંથી લીગલ નોટીસ આવી હતી. જેમાં આ ફલેટ વર્ષ ૨૦૧૫માં અમર પટેલે બજાજ ફાઈનાન્સ કંપનીને મોર્ગેજ દસ્તાવેજ કરી આપ્યાનો ઉલ્લેખ હતો. ભગવતીબેનના ફલેટ ઉપરાંત આ જ સ્કિમના અન્ય ત્રણ ફલેટ પર રૂ.૧.૬૪ કરોડની લોન લીધી હતી. જયારે લોન પેટે રૂ.૭૧.૩૧ લાખ ભરવાના બાકી હોવાનો ઉલ્લેખ કર્યો હતો. જેથી મહિલાએ અમર પટેલનો સંપર્ક કરતા તેણે ફલેટ પેટે લીધેલી લોનની રકમ ભરપાઈ કરી દેવાની બાંહેધરી આપી હતી. પરંતુ આજદીન સુધી અમર પટેલે લોન ભરપાઈ કરવાની તકેદારી ના લેતા મહિલાએ ઈન્ફોસીટી પોલીલ મથકે ફરીયાદ નોંધાવી હતી.

## શ્રી વર્ધમાન વિદ્યાલય દહેગામમાં શૈક્ષણિક વર્ષમાં વાલી મીટીંગ યોજાઈ

આજરોજ શ્રી વર્ધમાન વિદ્યાલય દહેગામમાં શૈક્ષણીક વર્ષ ૨૦૨૩/૨૪ માં વાલી મીટીંગ નું સુંદર આયોજન કરવામાં આવ્યું જેમાં શાળાના પ્રમુખશ્રી હિતેશભાઈ પટેલ સાહેબ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ પટેલ સાહેબ કેમ્પસ ડાયરેક્ટર શ્રી રીપલભાઈ શાહ આચાર્યશ્રી નટવરભાઈ ચૌધરી તથા સ્ટાફ મિત્રો અને મોટી સંખ્યામાં વાલીગણ હાજર રહ્યા અને બાળકોના ઉજવળ ભવિષ્ય અને કારકિર્દી માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ

## સેકટર-૨૮ ઓફિસ ખાતે ધંધાની લેવડ-દેવડ મુદ્દે મારામારી : ૪ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે.નગરમાં ઘરફોડ, વાહનચોરી, લુંટના કિસ્સા પ્રકાશમાં આવી રહ્યા છે. ત્યારે શહેરમાં મારામારી, હત્યાનો પ્રયાસ સહિતના કિસ્સા તો જાણે સામાન્ય બની ગયા છે. સેકટર-૨૮ ખાતે ધંધામાં પૈસાની લેતી દેતી મુદ્દે ચાર શખ્સોએ એક યુવક પર હુમલો કરતા હોહા મચી ગઈ હતી. ત્યારે ચાર શખ્સો સામે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ દહેગામ ખાતે રહેતા સુરેશકુમાર મગનભાઈ પટેલ સેકટર-૨૮ ઓફિસમાં મીટીંગમાં હાજર હતા. તે સમયે ભરત પટેલ, પીન્ટુ પટેલ, હિંમત પટેલ, અને એક અજાણ્યા શખ્સે તેમની પાસે આવેલા અને ભરતભાઈ પાસે છેલ્લા ૬ મહિનાથી ધંધામાં લેતી દેતી બાબતે અવાર-નવાર માથાકુટ ચાલી રહી હતી. જેથી તેઓને વચ્ચે આ મુદ્દે વાતચીત ચાલી રહી હતી. તે સમયે પીન્ટુ પટેલ જેમ મન ફાવે તેમ ગાળો બોલી રહ્યા હતા. તે સમયે અચાનક ચારેય શખ્સો ઉશ્કેરાઈ જઈને સુરેશ મગનભાઈ પટેલને ગડદાપાટુનો માર માર્યો હતો.જયારે પીન્ટુ પટેલે તેમના ખીસ્સામાંથી કંઈક પદાર્થ કાઢીને સુરેશભાઈની છાતીમાં મારી દીધો હતો. જેથી સુરેશભાઈએ હોહા કરતા ઓફિસમાં કામ કરતા કર્મચારીઓ દોડી આવ્યા હતા. જેમાં ઓમ પાંડે છોડાવવા માટે વચ્ચે પડતા ચારેય જણાએ ગડદાપાટુનો માર માર્યો હતો.ત્યારે સુરેશ પટેલને તેમના મિત્ર અલ્પેશ અને વિનાયક વધુ મારમાંથી છોડાવ્યા હતા. તે સમયે જતા જતા ભરતે કહી રહ્યા હતા કે આર્થિક લેવડ દેવડના હિસાબ હું કહું તે મને કરી આપ નહીં તો તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી જતા રહ્યા હતા. જયારે સુરેશ પટેલને ઈજા પહોંચતા સારવાર માટે સે-૨૬ ની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. આરોપી ઓ સામે સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## સ્વામિનારાયણ યુનિવર્સિટી ખાતે એડવાન્સ સાયબર સિક્યુરીટી સેન્ટર ઓફ એક્ષિલન્સ

શ્રી સ્વામિનારાયણ વિશ્વ મંગલ ગુરુકુળ કલોલ સંચાલિત સ્વામિનારાયણ યુનિવર્સિટી અને કવીક હિલ એન્ટિવાયરસ સોફ્ટવેર કંપની સાથે એમઓયુ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ક્વીક હિલ ના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ ડો. કૈલાશ કાટકર ઉપસ્થિત રહ્યા હતા અને સ્વામિનારાયણ યુનિવર્સિટીના તકનીકી શાખા ના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને જણાવ્યું હતું કે આવનાર સમય માં ખુબ જ મોટા પાયે સાયબર નિષ્ણાતો ની જરૂરીયાત ઉભી થનાર છે જેની તૈયારી નાં ભાગ રૂપે સ્વામીનારાયણ યુનિવર્સિટી નાં વિદ્યાર્થીઓ ને ખુબ જ સારી તક મળી રહે એ માટે કવીક હિલ કંપની દ્વારા વિશેષ યોગદાન આપવાની તૈયારી દર્શાવી હતી.